# પાંથાવાડ પાસે બાઈક અને જીપ વચ્ચે અકસ્માતમાં વિદ્યાર્થીનું મોત

દાંતીવાડા, તા. ૧૮

દાંતીવાડા તાલુકાના પાંથાવાડામાં આવેલ ભુર બાવાની કુટીયા પાસે શુક્રવારે સાંજે સાતેક વાગ્યાના સમયે બાઈક અને જીપ વચ્ચે અકસ્માત



(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

સર્જાતા વિદ્યાર્થીનું મોત નિપજ્યું હતું. જ્યારે બીજાને વધુ સારવાર માટે ડીસા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

આ અકસ્માતની પ્રાપ્ત વિગત મુજબ પાંથાવાડા ગંજ ત્રણ રસ્તાથી દૂધ ડેરી જવાના માર્ગ પર ભૂરા બાવાની કુટિયા પાસે ગતરોજ સાંજના સમયે ગંજ ત્રણ રસ્તા તરફથી એક જીપ નં. જીજે-૨-એ.સી.૬૪૮૮ પસાર થઈ રહી હતી. અને આ દરમિયાન સામેથી બાઈક નં. જીજે-૮-એ.પી.-૮૭૩૨ વચ્ચે અકસ્માત થતા બાઈક પર સવાર બે વિદ્યાર્થીઓને ગંભીર ઈજાઓ થવા પામી હતી. અકસ્માતને પગલે દોડી આવેલી પાંથાવાડા પોલીસ દ્વારા વિદ્યાર્થીઓને સિવિલમાં ખસેડાયા હતા. જ્યાં ૧૭ વર્ષીય ભાવેશ માળીનું કરૂણ મોત નિપજ્યું હતું અને ૧૫ વર્ષીય હિતેશ માળીને વધુ સારવાર અર્થે ડીસા રીફર કરાયો હતો. અકસ્માતના પગલે મૃતકના પરિવારજનો સિવિલમાં આવી પહોંચ્યા હતા. હૃદયદ્રાવક દશ્યો સર્જાયા હતા. મૃતક વિદ્યાર્થી પાંથાવાડા અર્બુદા માધ્યમિક શાળામાં અભ્યાસ કરતો હોઈ આજે શનિવારના રોજ શાળા પરિવારે મૃતક વિદ્યાર્થીને માટે મૌન પાળી શ્રદ્ધાંજલિ આપી હતી.

# સલાલ નજીક પતંગની દોરીથી બાઈકચાલકનું ગળુ કપાયું

પ્રાંતિજ, તા. ૧૮

પ્રાંતિજ તાલુકાના સલાલ પાસે નેશનલ હાઈ-વે પર હિંમતનગરથી અમદાવાદ માર્ગ પર બાઈક લઈ પસાર થતા બાઈકચાલકનું પતંગની દોરીથી ગળુ કપાઈ જતા ચાલુ બાઈકે માર્ગ ઉપર પટકાયો હતો. બાદમાં ઘાયલ બાઈક સવારને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો જ્યાં ગળાના ભાગે ૧૪ જેટલા ટાંકા આવ્યા હતા.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ તાલુકાના નવાપુર ગામનો યુવાન ૨૨ વર્ષીય મનીષકુમાર ગાજીસિંહ મકવાણા ગતરોજ સાંજના સમયે હિંમતનગર તરફથી બાઈક લઈ પ્રાંતિજ જઈ રહ્યો હતો. દરમ્યાન માર્ગમાં સલાલ પહોંચતા સોનાસણ ચોકસી પાસે અચાનક જ પતંગનો દોરો ગળાના ભાગે આવી જતા ગળુ કપાઈ ગયુ હતુ. જેથી ચાલુ બાઈકે માર્ગમાં યુવાન પટકાયો હતો અને ઈજાઓ થવા પામી હતી. ઈજાગ્રસ્ત યુવાનને ૧૦૮ મારફતે હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ૧૪ જેટલા ગળા પર ટાંકા આવ્યા હતા.



હિંમતનગર-અમદાવાદ માર્ગ પર પ્રાંતિજ નજીક માર્ગની વચ્ચેના ડીવાઈડર ઉપર ઉગી નીકળેલ કાંટાળી ઝાડીને તંત્ર દ્વારા દૂર કરવામાં આવે છે અને ઝાડીને બાદમાં માર્ગની બાજુમાં જ નાખી દેવામાં આવે છે. જેથી વાહનચાલકોના વાહનને પંચર પડી જાય છે અને અકસ્માત સર્જાય છે. (તસવીર - સંજય રાવલ)

# વડાગામે ટ્રકે ટ્રેક્ટરને ટક્કર મારતા અકસ્માત : બે ને ગંભીર ઈજાઓ

વડાગામ, તા. ૧૮

અરવલ્લી જિલ્લાના વડાગામના બસ સ્ટેન્ડ નજીક આવેલ હનુમાન મંદિરના આગળના ભાગે ટ્રકે ટ્રેક્ટરને ટક્કર મારતા ટ્રેક્ટર સવાર બે ઈસમોને ગંભીર ઈજાઓ થવા પામી હતી. ટ્રેક્ટરને ટક્કર મારી નાસી જવાની કોશિશ કરતા ટ્રકચાલકને લોકોના ટોળાએ પકડીને ધોઈ નાખ્યો હતો.



(તસવીર : કલ્પેશ જોષી, વડાગામ)

પ્રાપ્ત માહિતી અનુસાર આજે સવારે એક ક્વોરીનું ટ્રેક્ટર નં. જીજે-૯-એમ-૭૦૨૧ ડિઝલ પંપે જતુ હતુ, ત્યારે મોડાસા-ધનસુરા બાજુથી માતેલા સાંઢની જેમ આવતી માલ ભરેલી ટ્રકે ટ્રેક્ટરને જોરદાર ધડાકા સાથે ટક્કર મારી હતી. આ ટક્કરના અવાજથી વડાગામ સ્ટેશન ઉપરથી તથા આજુબાજુમાંથી લોકો બનાવની જગ્યાએ દોડી આવ્યા હતા. ટક્કરમાં બે વ્યક્તિને ઈજાઓ થઈ હતી. જેમાં જયંતિભાઈ પરમાર અને બીજા વ્યક્તિને ઈજાઓ થવા પામી હતી. ટ્રક નં. જીજે૯-ઝેડ-૫૧૫૯નો ચાલક ઝાકીરહુસેન ઝબીરખાન પઠાણ (રહે. મોડાસા)એ દારૂ પીધેલો હતો. દારૂ ઢીચીને તે ટ્રક ચલાવાતો હતો અને નાશી છૂટવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ લોકોના ટોળાએ તેને ઝડપી પાડી ધોઈ નાખ્યો હતો અને બાદમાં પોલીસને હવાલે કર્યો હતો. જ્યારે ઈજાગ્રસ્તોને મોડાસા સિવિલમાં સારવાર અર્થે ખસેડાયા હતા.

# ડીસા નગરપાલિકા વોર્ડ નંબર બે માટે નવ ઉમેદવારીપત્રો ભરાયા

## ભાજપના વોર્ડ નં. ૨ના સદસ્યે રાજીનામુ આપતા યોજાઈ રહી છે પેટા ચૂંટણી

ડીસા, તા. ૧૮

ડીસા નગરપાલિકાના વોર્ડ નં. ૨ માંથી ભાજપના ચૂંટાયેલા સદસ્ય દ્વારા કોઈ અગમ્ય કારણોસર રાજીનામુ અપાતા રાજ્ય ચૂંટણીપંચે જાહેરનામુ પ્રસિદ્ધ કરી આ વોર્ડની ખાલી પડેલી બેઠક માટે પેટા ચૂંટણી યોજી છે. જેમાં આજે ઉમેદવારી પત્રો ભરવાની અંતિમ તારીખે નવ ઉમેદવારોએ ઉમેદવારી પત્રો ભર્યા હતા.

ડીસા પાલિકાની વોર્ડ નં. ૨ની પેટા ચૂંટણી આગામી બીજી ફેબ્રુઆરી-૨૦૧૪ના રોજ યોજાઈ રહી છે. આ ચૂંટણી માટે રાજ્યના ચૂંટણીપંચે જાહેરનામુ પ્રસિદ્ધ કરેલ છે. જે મુજબ આજરોજ ઉમેદવારી પત્રો ભરવાની અંતિમ તારીખે કુલ નવ ઉમેદવારોએ પોતાના ઉમેદવારી પત્રો નાયબ કલેક્ટર ડીસા અને ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ કર્યા હતા. આજના ઉમેદવારી પત્રો ભરવાની અંતિમ દિવસે ભાજપના રમેશભાઈ અમરાજી માજી રાણા તેમજ આ પેટા ચૂંટણી પહેલા વોર્ડ નં. ૨ માંથી થોડા સમય પહેલા રાજીનામુ આપનાર ગીરીશભાઈ કાનજીભાઈ જોષીએ પણ પુનઃ પોતાની ઉમેદવારી અપક્ષ તરીકે નોંધાવી છે. જ્યારે ભાજપના ડમી ઉમેદવાર તરીકે સંજયભાઈ બાબુલાલ ગેલોત, ગુલાબજી સોનાજી માળી, સુરેન્દ્રસિંહ દોલાજી રાજપૂતે પણ ઉમેદવારી પત્રો ભર્યા હતા. જ્યારે અપક્ષ ઉમેદવાર તરીકે જયેશભાઈ દેસાઈ, જગદીશભાઈ મોદી, પીન્કેશભાઈ નાનાલાલ શાહ વિગેરેએ પણ પોતાની ઉમેદવારી નોંધાવી હતી.

ચૂંટણી અંગેના જાહેરનામા મુજબ ઉમેદવારી પરત ખેંચવાની અંતિમ તારીખ ૨૧ જાન્યુઆરી-૨૦૧૪ છે. જ્યારે ૨૦મી જાન્યુઆરીના રોજ ઉમેદવારી પત્રોની ચકાસણી હાથ ધરા છે. આ પેટા ચૂંટણી માટે મતદાન બીજી ફેબ્રુઆરી-૨૦૧૪ના રોજ યોજાશે. જ્યારે મતગણતરી ચોથી ફેબ્રુઆરી-૨૦૧૪ના રોજ હાથ ધરાશે તેવું સૂત્રોએ જણાવેલ છે.



દાંતીવાડા મુખ્ય માર્ગ પર કેનાલની નજીક ગત મોડી રાત્રે રાજસ્થાન તરફથી આવતી જીપ નં. જીજે-૮ ઝેડ-૧૮૮૯ના ચાલકે માર્ગ વચ્ચે આવેલી નીલગાયને બચાવવા જતા સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવ્યો હતો. જીપ પલ્ટી ખાઈ ગઈ હતી. જે ઘટનામાં ચાલકનો આબાદ બચાવ થયો હતો. (તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

# ભિલોડામાં આમ આદમી પાર્ટીની બેઠક યોજાઈ

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં આમ આદમી પાર્ટીના કાર્યકરોની બેઠક ધોલવાણી ત્રણ રસ્તા પાસે તાજેતરમાં યોજાઈ હતી.આમ આદમી પાર્ટીની બેઠકમાં મોટી સંખ્યામાં પ્રજાજનો સ્વયંભુ જોડાયા હતા.ભિલોડા આમ આદમી પાર્ટી કન્વીનર મુકેશભાઈ પી. પટેલ, ધનરાજભાઈ ડામોર, રસીકભાઈ કટારાએ જણાવ્યું હતું કે મતદાર જાગૃતિ અભિયાન,આમ આદમી પાર્ટીના સભ્યોની નિઃશુલ્ક નોંધણી ઝુંબેશ યોજાઈ હતી.આમ આદમી પાર્ટીમાં મોટી સંખ્યામાં પ્રજાજનો સ્વયંભુ જોડાયા હતા.આમ આદમી પાર્ટીના સાત જીલ્લાના પ્રભારીની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી.જીલ્લા પ્રાભારી પિતાબંરભાઈ પરમાર, ગીરીશભાઈ પંચાલ, નટુભાઈ સોલંકીની તેમજ આમ આદમી પાર્ટીના કાર્યકરોની ઉપસ્થિતીમાં બેઠક યોજાઈ હતી.

# ભિલોડામાં માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી યોજાઈ

ભિલોડા,તા.૧૮

ભિલોડા પોલીસ સ્ટેશન ધ્વારા માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી યોજાઈ હતી.પોલીસ ધ્વારા માર્ગો ઉપર દોડતા વાહનો થોભાવી વાહન ચાલકોને કેવી રીતે ડ્રાઈવીંગ કરવુ અને સલામત ડ્રાઈવીંગ વિશે માર્ગદર્શન આપેલ હતું.

માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી નિમિત્તો ભિલોડા પી.એસ.આઈ.વી.યુ.ચાવડા,પોલીસ કોન્સ્ટેબલ રમણભાઈ અસારી, રણજીતભાઈ, લાભુભાઈ દેસાઈ, ગોવિંદભાઈ મકવાણા,ભાવેશભાઈ પરમાર તેમજ પોલીસ સ્ટાફની ઉપસ્થિતીમાં માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.વાહન ચાલકોને ટ્રાફીક અને આર.ટી.ઓ.ના નિયમોનું પાલન કરવા શીખ પોલીસ ધ્વારા આપવામાં આવી હતી.ભિલોડા પી.એસ.આઈ.વી.યુ.ચાવડા ધ્વારા બાઈક,ટ્રક,ટ્રેલર,ટેન્કર,જીપ,કાર,રીક્ષા તેમજ અન્ય વાહનોના ચાલકોને ગુલાબનું ફુલ અને માર્ગ સલામતી વિશેની પત્રીકા આપવામાં આવી હતી. આ પ્રસંગે અગ્રાણી ભીખાલાલ પટેલ, અરવીંદભાઈ બારોટ, શાંમળદાસ પટેલ, દેવુભાઈ મેઘાણી, ગુણવંતભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા.

# કેરીયર ડેવલપમેન્ટ એકેડેમી શ્રી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણીનું એક નવું સોપાન

ધનસુરા, ૧૮

નવરચિત અરવલ્લી જિલ્લામાં શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે સેવાઓ આપનાર અને શિક્ષણનું ધામ ગણાતું મોડાસા નગર ગુજરાતમાં અગ્રેસર છે.

મોડાસામાં આવેલ વિદ્યાધામ શ્રી મ.લા. ગાંધી ઉ.કે. મંડળમાં અનેક શૈક્ષણિક સંસ્થાઓ કાર્યરત છે. ઉચ્ચ શિક્ષણની કોલેજો વિદ્યાર્થીઓને ડીગ્રી આપે છે. પરંતુ નોકરી કે વ્યવસાય અપાવવામાં વિદ્યાર્થીઓને મદદરૂપ થઈ શકે તેવી એકાદ સંસ્થાની જરૂરિયાત હતી. શ્રીમતી પુષ્પાબેન છબીલદાસ સોમાલાલ શાહ (પીસીએસએસ) કેરીયર ડેવલપમેન્ટ એકેડેમી નામની સંસ્થાનો ઉદય કરવામાં આવ્યો છે. મંડળના પ્રમુખ ડૉ. અરૂણભાઈ શાહ અને હોદ્દેદારોની દીર્ઘદષ્ટિથી ડૉ. સંતોષ દેવકરની કોઓર્ડિનેટર તરીકેની નિમણૂંક કરી આજરોજ વર્ગ-૩ના જીપીએસસીની સ્પર્ધાત્મક પરીક્ષાના રેગ્યુલર ક્લાસીસની શરૂઆત મ.લા. ગાંધી ઉ.કે. મંડળના માનદમંત્રી શ્રી સુભાષભાઈ એમ. શાહના અધ્યક્ષપદે કરવામાં આવી સમારંભમાં અતિથિવિશેષ તરીકે માનદમંત્રીશ્રી ડૉ. ઘનશ્યામભાઈ જે. શાહ અને સુરેન્દ્રભાઈ જે. શાહ ઉપરાંત મોડાસાના ઉદ્‌ઘાટન સમારોહ યોજવામાં આવ્યો હતો.

જીપીએસસીના વર્ગોતથા ક્લાસ શ્રીના વર્ગોની માત્ર ટોકન ફીમાં આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓ તલાટી, કારકૂન, લેબ ટેકનીશીયન, કોન્સ્ટેબલ, બેન્ક ક્લાર્ક, પી.એસ.આઈ. કોન્સ્ટેબલ, આપવા માટેની તૈયારીઓ આ ક્લાસમાં કરાવવામાં આવશે. ક્લાસ લેનાર ફેકલ્ટી શ્રી પ્રફુલભાઈ ગઢવી અમદાવાદથી આવે છે અને આ ક્લાસમાં તાલીમ પામેલ વિદ્યાર્થીઓ જો સ્પર્ધાત્મક પરીક્ષામાં પાસ થશે તો પચાસ ટકા ફી પરત આપવાની જોગવાઈ



(તસવીર : જીતેન્દ્ર પટેલ, ધનસુરા)

સેવાભાવી જીવદયાપ્રેમી અને સરસ્વતી બાલમંદિર મંડળના પ્રમુખશ્રી નિલેશભાઈ જોષીની ઉપસ્થિતિમાં જુનીયર ક્લાર્ક, સીનીયર ક્લાર્ક, હેડક્લાર્ક, બિન સચીવાલય કારકૂનની છવ્વીસ હજાર જગ્યાઓ માટેની પરીક્ષા કરવામાં આવી છે તેવું ડૉ. સંતોષ દેવકર અને મંડળના મંત્રી સુભાષભાઈ શાહે જણાવ્યું હતું.



## તાંદલીયા સ્થિત સબસ્ટેશનનો પ્રારંભ

ખેડબ્રહ્મા તાલુકામાં તાંદલીયા ખાતે ૬૬ કે.વી. સબ સ્ટેશન અંદાજે ૧ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવ્યું છે. જેનો લોકાર્પણ સમારોહ મંત્રી ગણપતભાઈ વસાવાના હસ્તે કરવામાં આવ્યો હતો. ૬૬ કે.વી. સબ સ્ટેશન થવાથી આજુબાજુના ગામમાં પૂરતા પ્રમાણમાં તેમજ પૂરતા વિજ દબાણથી વિજ પુરવઠો મળશે. ઉપરાંત ખેડબ્રહ્માના ઔદ્યોગિક વિકાસ તેમજ ખેડૂત વિષયક વિગેરે વિજ પુરવઠો ૬૬ કે.બી. સબ સ્ટેશનમાંથી મળશે. ખેડબ્રહ્મામાં આ સબ સ્ટેશન બનતા ૧૫ ગામોને તેનો લાભ મળશે. (તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર, લક્ષ્મીપુરા)

# ભિલોડા માલાવાવ વિસ્તારમાં માં જ્વાલા માતાજી અને માં ચામુંડા માતાજી મંદીરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

ભિલોડા,તા.૧૮

અરવલ્લી જીલ્લાના ભિલોડા માલાવાવ વિસ્તારમાં માં જ્વાલા માતાજી અને માં ચામુંડા માતાજી નવનિર્મિત મંદીરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે.ભિલોડા ગ્રામ પંચાયત પુર્વ સરપંચ ભીખાલાલ ભાટીયા,હિરાબેન ભાટીયા તેમજ ભાવિક ભક્તોના જણાવ્યા મુજબ માં જ્વાલા માતાજી અને માં ચામુંડા માતાજી મંદીરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો શુભારંભ તા.૨૭/૧/૨૦૧૪ ને સોમવારના રોજ યોજાશે.પુર્ણાહુતી તા.૨૮/૧/૨૦૧૪ ને મંગળવારના રોજ યોજાશે.ભાવિક ભક્તો મોટી સંખ્યામાં મહાપ્રસાદીનો લાભ મેળવી ધન્યતા અનુભવશે.ભિલોડા તાલુકાના નવા વક્તાપુરવાળા સંત શ્રી લાલજી મહારાજ ભાવિક ભક્તોને આર્શીવચન તા.૨૮/૧/૨૦૧૪ ને મંગળવારના રોજ સાંજે ૪:૦૦થી ૭:૦૦ દરમ્યાન આપશે.શ્રી જ્વાલા માતાજીની જ્યોત શક્તિપીઠ, હિમાચલ પ્રદેશથી લાવવામાં આવશે.શ્રી ચામુંડા માતાજીની જ્યોત ચોટીલાથી લાવવામાં આવશે.માં જ્વાલા માતાજી,માં ચામુંડા માતાજી ઉત્સવ ભક્ત મંડળ સેવાભાવી કાર્યકર ભીખાલાલ ભાટીયા,ભાવિક ભક્તો કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી રહ્યા છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પ્લેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન